E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 306 * Date: 26.08.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## જય રણછોડ, માખણ ચોર

# આજે દેશભરમાં કરાશે જન્માષ્ટમીની ઉજવણી

## નંદ ઘેર આનંદ ભયો ,જય કનૈયા લાલ કી,હાથી ઘોડા પાલખી ,જય કનૈયા લાલ કી



આજે જન્માષ્ટમીનો તહેવાર દેશભરમાં ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. મથુરા-વૃંદાવનથી લઈને દેશના વિવિધ રાજ્યોમાં સવારથી મંદિરોમાં હરે રામ-હરે કૃષ્ણના નારા ગૂંજી રહ્યા છે. શ્રી કૃષ્ણને ભગવાન વિષ્ણુનો અવતાર માનવામાં આવે છે. આજે શ્રાવણ વદ આઠમ એટલે જન્માષ્ટમી છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મના વધામણા કરવા દ્વારકા, ડાકોર, શામળાજી સહિતના કૃષ્ણ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ જ દ્વારકાનગરી જાણે કૃષ્ણમય બની ગઈ હતી. ભક્તિમય માહોલ વચ્ચે આજે જય દ્વારકાધીશનો નાદથી આજે દ્વારકા ગૂંજી ઉઠશે.

ભગવાન કૃષ્ણના જન્મોત્સવને વધાવવા ભક્તો અધીરા બન્યા છે. આ તરફ યાત્રાધામ ડાકોરમાં પણ ભગવાન રણછોડરાયજીના દર્શન કરવા ભક્તો વહેલી સવારથી જ ઉમટી પડ્યા હતા. ડાકોર મંદિરને ભવ્ય રોશનીના શણગાર કરવામાં આવ્યા છે. આ

તરફ શામળાજી મંદિરમાં પણ ભગવાન શામળિયાના દર્શન કરવા ભક્તોની જનમેદની ઉમટી પડી હતી. આજે જન્માષ્ટમી નિમિતે મંગળા આરતી અને મટકી ફોડ સહિતના અનેક વિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જગતમંદિર દ્વારકામાં પણ ધામધૂમથી કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. જગતના નાથને કેસરિયા વાઘા પહેરાવામાં આવશે. જગત મંદિર દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણનો આજે પાંચ હજાર ૨૫૦માં જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી થશે. નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કીના નાદ સાથે મંદિર પરિસર ગૂંજી ઉઠશે. સૌરાષ્ટ્ર સહિત રાજ્યના ગામેગામ કૃષ્ણ જન્મોત્સવની તડામાર તૈયારી ચાલી રહી છે. રાજકોટ, જામનગર, જૂનાગઢ, મોરબી, વેરાવળ સહિતના શહેરોમાં શોભાયાત્રા નીકળશે.

## દક્ષિણ ગુજરાત જળબંબાકાર, વાપીમાં ૧૩ ઈંચ વરસાદ, જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી



. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ૩-૩ સાઈક્લોનિકલ સર્ક્યુલેશન સિસ્ટમ એક્ટિવ થતાં ભારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે પણ બે ત્રણ દિવસથી રેડ એલર્ટ જાહેર કર્યું હતું. ગઈકાલે સુરતના ઉમરપાડા ૧૨ તથા વિજાપુરમાં લગભગ ૮ ઈંચ સુધી વરસાદ ખાબક્યાં બાદ વાપી-વલસાડનો વારો પડી ગયો છે. અત્યાર સુધીમાં વાપીમાં ૧૩ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. મોટી સંખ્યામાં લોકોએ સુરક્ષિત સ્થાનોએ ખસી જવાની ફરજ પડી હતી. લોકોના ઘરોમાં પણ પાણી ફરી વળ્યું હતું. તાજેતરના આંકડાઓ અનુસાર ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ ૧૩ ઈંચ સુધી વાપીમાં ખાબક્યો હતો. જ્યારે કપરાડા, પારડીમાં ૧૨ ઈંચ વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા અને લોકોમાં ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા હતા.

જ્યારે સુરતના ઉમરપાડામાં ફરી એકવાર મેઘરાજાએ ધબધબાટી બોલાવતાં ૨૪ કલાકમાં ૧૨ ઈંચથી વધુ વરસાદ વરસી ગયો હતો.

ગુજરાતના લગભગ ૨૩૪ તાલુકાઓમાં મેઘમહેર જોવા મળી હતી. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૨૩૪ તાલુકાઓમાં વરસાદી માહોલ જોવા મળતાં અનેક જિલ્લાઓમાં તો જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેના પગલે રાજ્યના જળાશયોમાં ૭૩ ટકા સુધી જળસપાટી વધી ગઇ હતી. ૫૩ જેટલાં તો ઓવરફ્લો થઈ ગયા હતા. નદી-નાળામાં પણ પાણીના નવા નીર આવી ગયા હતા. અનેક નદીઓ ગાંડીતૂર બની હતી અને ખતરાના નિશાનથી ઉપર વહેવા લાગી હતી.



## શહેરના વિવિધ વિસ્તારમાં આવેલી સરકારી કચેરીઓ પૈકી ૨૬૦ સ્થળે મચ્છરનો ઉપદ્રવ મળ્યો



અમદાવાદના વિવિધ વિસ્તારમાં આવેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત સરકારી કચેરીઓ તથા ખાનગી મિલકતોમાં મચ્છરના ઉપદ્રવને લઈ મ્યુનિ.ના આરોગ્ય વિભાગ તરફથી તપાસ કરાઈ હતી. છ હજારથી વધુ મિલકતમાં મચ્છરના બ્રિડીંગ અંગેની તપાસ કરાતા મ્યુનિ.તથા સરકારી કચેરીઓમાં ૨૬૦ સ્થળે મચ્છરનો ઉપદ્રવ મળ્યો હતો. સરકારી, અર્ધ સરકારી અને ખાનગી એમ કુલ મળીને ૬૦૮૦ મિલકતની તપાસ કરાતા ૬૩૨ સ્પોટ ઉપર મચ્છરનો ઉપદ્રવ મળી આવ્યો હતો. ૧૩ ખાનગી એકમ સીલ કરાયા હતા.કુલ રુપિયા ૨૪ લાખથી વધુની રકમ પેનલ્ટી પેટે વસૂલ કરાઈ હતી.શહેરમાં મચ્છરજન્ય રોગના વધતા કેસને નિયંત્રણમાં લેવા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના આવેલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઉપરાંત ઝોન,સબ ઝોનલ કચેરીઓ,સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,બગીચા સહિતના સ્થળોએ હેલ્થ વિભાગની ટીમ દ્વારા મચ્છરના બ્રિડીંગને લઈ તપાસ હાથ ધરી હતી. આ વર્ષની શરુઆતમાં મ્યુનિ.તંત્ર દ્વારા મ્યુનિ.કચેરીઓમાં કયુ.આર.કોડ આપી એક નોડલ ઓફિસરની નિમણૂંક કરવામાં આવી હતી.નોડલ ઓફિસરે તેના હસ્તકના પ્રિમાઈસીસમાં મચ્છરનો ઉપદ્રવ ના થાય તે મુજબની કાર્યવાહી કરાવવાની હતી.નોડલ ઓફિસર તરફથી મચ્છરના ઉપદ્રવને લઈ આપવામાં આવેલા રીપોર્ટ પછી હેલ્થ વિભાગ તરફથી સ્થળ તપાસ કરી ક્રોસ વેરીફીકેશન કરવામાં આવ્યુ હતુ.મ્યુનિ.ના ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર ડોકટર ભાવિન સોલંકીએ કહ્યુ,૧૦ જુનથી ૨૪ ઓગસ્ટ સુધીના સમયમાં કરવામાં આવેલા ક્રોસ વેરીફીકેશન દરમિયાન મ્યુનિ.તથા સરકારી કચેરી એમ કુલ મળી ૪૨૫૪ સ્પોટ ઉપર થયેલી તપાસ પછી ૨૬૦ સ્પોટ ઉપર તથા ૧૮૧૬ ખાનગી મિલકતોની તપાસ પછી ૩૭૨ સ્પોટમાં મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા હતા.કુલ મળીને રુપિયા ૨૪.૭૬ લાખની રકમ હેલ્થ વિભાગ તરફથી પેનલ્ટી પેટે વસૂલ કરવામાં આવી હતી.

## પહેલા વૉર્નિંગ પછી તાબડતોબ હુમલા.. ઈઝરાયલે હિઝબુલ્લાના ૧૦૦થી વધુ ઠેકાણે કર્યો બોમ્બમારો

. ઈઝરાયલના સૈન્યએ ફરી એકવાર લેબેનોનમાં ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર તાબડતોબ હવાઈ હુમલા કર્યા છે. આ વખતે ૧૦૦થી વધુ ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યા હતા. લેબેનોનના હવાઈ હુમલાના જવાબમાં ઈઝરાયલ દ્વારા આ કાર્યવાહી કરાઈ હોવાની જાણકારી મળી રહી છે. આ દરમિયાન હિઝબુલ્લાહના ઠેકાણે હુમલા વચ્ચે ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ સુરક્ષા કેબિનેટની ઈમરજન્સી બેઠક પણ બોલાવી હતી. આ હુમલા વિશે ઈઝરાયલી મીડિયાએ કહ્યું કે આઈડીએફના ચીફ ઓફ સ્ટાફ આ હુમલાનું નિરીક્ષણ જાતે જ કરી રહ્યા છે. ગુપ્તચરોની જાણકારીના આધારે અમારી વાયુસેના હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર વીણી વીણીને હુમલા કરી રહી છે. છેલ્લા એક કલાકથી વધુ સમય દરમિયાન ડઝનેક લડાકૂ વિમાનોએ દક્ષિણ લેબેનોનમાં કહેર વર્તાવ્યો છે. બીજી બાજુ તેલ અવીવ નજીક આવેલા બેન ગુરિયન એરપોર્ટ પર હાલમાં અસ્થાયી રૂપે સંચાલન બંધ કરી દેવામાં આવ્યું છે

## ગુજરાતમાં સિઝનનો ૭૬% વરસાદ, જળાશયો છલકાતાં સરેરાશ ૭૩% જળસ્તર

ગુજરાતમાં ૨૭ ઈંચ સાથે સિઝનનો સરેરાશ ૭૬ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સારા વરસાદને પગલે જળસ્તરની સ્થિતિમાં પણ વધારો થયો છે. ગુજરાતના ૨૦૭ જળાશયોમાં હાલ સરેરાશ ૭૨.૮૩ ટકા જળસ્તર છે જ્યારે ૨૦૭ માંથી ૫૩ જળાશયો તેની ક્ષમતાના ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા છે.

ગુજરાતના ૬૬ જળાશયો ૯૦ ટકાથી વધુ ભરાઈ જતાં તેને હાઈ એલર્ટ, ૮૦ ટકાથી ૯૦ ટકા જળસ્તર થતાં ૧૭ જળાશયોને એલર્ટ, ૭૦ ટકાથી ૮૦ ટકા જળસ્તર થતાં ૧૧ જળાશયોને વૉર્નિંગ હેઠળ મૂકાયા છે જ્યારે ૧૧૨ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછું જળસ્તર છે.

ગુજરાતના ૩૦ જળાશયોમાં હજુ પણ જળસ્તર ૧૦ ટકાથી ઓછું છે. જેમાં દેવભૂમિ દ્વારકાના સાની, સુરેન્દ્રનગરના નિમ્બાની-લિમ ભોગાવો ૧-સબુરી-ત્રિવેણી થાંગા જેવા જળાશયો હજુ પણ ખાલીખમ છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિ. નો હાલનો જળસંગ્રહ ૨૯૩૮૩૧ મિલિયન ક્યુબફિટ છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૮૭.૯૫ ટકા છે. રાજ્યના કુલ કુલ ૨૦૬ જળાશયોમાં ૩૫૭૪૯૧ મિલયનક્યુબ ફિટ જળસંગ્રહ નોંધાયો છે. હાલ ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં સૌથી ઓછો ૩૧.૨૭ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૭૬.૬૩ ટકા જળસ્તર છે.

### જાહેર રજા

**તારીખ ૨૬-૮-૨૦૨૪ ના રોજ ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક અખબાર કાર્યલય જન્માષ્ટમી પર્વ નિમિતે સંપૂર્ણ રજા પાળશે જેથી તારીખ ૨૭-૮-૨૦૨૪ના રોજ અંક પ્રસિધ્ધ થશે નહી. જેની સર્વે વાંચક મિત્રો, વિજ્ઞાપન દાતાઓ વિતરકોએ નોધ લેવા વિનંતી**

**વ્યવસ્થાપક**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No.228**
વિષયઃ- કૃષ્ણમય
શિર્ષક;- શ્યામ કપડવંજ પધારજો
પ્રકારઃ- પદ્ય શબ્દ સંખ્યા -૬૭
શ્યામ કપડવંજ પધારજો !!

ગોકુળથી ગુજરાત આવ્યા તો ખરા કાન !

મારા કપડવંજમાં શ્યામ તમે ભલે પધારજો

યમુનાને તીરે તમે વાંસળી વગાડતા !

મારી મહોરને તીરે ક્યારેએ સુર રેલાવશો!

કપડવંજ વાસી સૌ આતુર બન્યા છે!

જન્માષ્ટમી એ શ્યામ આંગણું શોભાવશો,

આ કુબેરજી મહાદેવ, નીલકંઠની ધરા છે

દ્વારિકાને ડાકોરથી નાથ વહેલા આવજો!

કવિ "રાજન"ની શ્યામ તમને છે વિનંતી!

કપડવંજની ગલીઓમાં આશિષ વરસાવજો !
કવિઃ ભાનુપ્રસાદ "રાજન",વડાલી કપડવંજ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :-"કૃષ્ણમય’’-"કૃષ્ણલીલા"-‘‘કૃષ્ણાયન"-‘‘જન્માષ્ટમી"
શીર્ષક :-કૃષ્ણાવતાર
પ્રકાર :- અપધાગધ- શબ્દ :-૧૫૨

જ્યારેપ
વાદળોનો ગડગડાટ થઈ રહ્યો હતો, વીજળી કડકી રહી હતી,
મૂશળધાર વરસાદ વરસી રહ્યો હતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો.

જ્યારેપ
જીવનમાં અંધકાર છવાઈ જાય છે, નિરાશાનું વાતાવરણ રચાઈ જાય છે,
સંકટનો વરસાદ તૂટી પડે છે, જુલ્મના કાળા વાદળો ધમકી આપીને ધડબડાટી ફેલાવે છે,
ત્યારે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ જન્મ લે છે.

આજે ફરી એકવારઃ
ચોમેર ફેલાયેલાં વરવા અંધકારમાં અવિરત પ્રકાશનું દૈદિપ્યમાન કિરણ જોઈએ છે,
સામ્રાજ્યવાદની ચક્કીમાં પીસાતા રીબાતા દેશોને ઉગારનાર એક તારણહાર જોઈએ છે.
સત્તા, કુટિલ રાજનીતિ, બળાત્કાર, અત્યાચાર ને આતંકવાદથી છોડાવનાર મુક્તિદાતા જોઈએ છે;
ગરીબ, લાચાર, ઉપેક્ષિત, શોષિત, અબળાઓને સુદર્શનનું સુરક્ષા કવચ જોઈએ છે.
એકેએક નરાધમ, હત્યારા અને આતંકવાદીને વીંધી નાખનાર બ્રહ્માસ્ત્ર જોઈએ છેપ

વંદનીય પ્રાર્થના પ્રભુને કે હવે સમય થઈ ગયો છે, ચાતકની જેમ રાહ જુએ જગત, કરે રટણ;
પૃથ્વીના કણ કણને સતયુગી કલ્પ અને જન્મ આપવા જન્માષ્ટમીએ કરો અવતરણ.

હસમુખ બી. પટેલ ‘હર્ષ‘-‘પરખ’

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 346**
વિષય : કૃષ્ણમય
શીર્ષક : જીવનની સકારાત્મકતા રાધાકૃષ્ણ થી.
પ્રકાર : ગદ્ય શબ્દ : ૩૫૦

કૃષ્ણ એ જીવનની સકારાત્મકતા ઊર્જા છે. કૃષ્ણ એ પરમાત્માનું એવું સ્વરૂપ છે જે દરેક ઈશ્વરોમાં સૌથી નટખટ અને લિલાધારી છે. કોઈક તેને યશોદાનો કાનો, બલરામના નાના ભાઈ, રાધાના પ્રેમ, રુક્મિણીના પ્રથમ પતિ, શાંભના પિતા, દ્વારકા નગરીના રાજા, ગોવર્ધનધારી, રણછોડ, અર્જુનના માધવ, સુદામાના પરમમિત્રની જેમ અનેક રીતે લોકો કૃષ્ણને ઓળખે છે.

કૃષ્ણની લીલાઓ જો આપણે હદયપૂર્વક પ્રેમથી સમજીએ તો કૃષ્ણ આપણા મનમાં પણ બિરાજી જાય છે. દ્વાપરયુગ જતો રહ્યો અને કળીયુગ આવ્યો પણ કૃષ્ણલીલાના લેખો,વાર્તાઓ તેમજ ચલચિત્રો જોઈએ તો આપણને પણ દ્વાપરયુગમાં કૃષ્ણના સમીપ રેહવાની ઈચ્છા જન્મે જ. મારા મતે જો કહું તો કળિયુગમાં દરેક સ્ત્રીઓ કૃષ્ણને ગોપીઓના જેમ જ પ્રેમ કરે અને અનુભવે પણ છે અને કૃષ્ણ તેમના રદયમાં ક્યાંક ને ક્યાંક જીવે છે એ કેહવુ ખોટું નથી.

કૃષ્ણએ હંમેશા આપણને જીવનમાં વેહતા રેહવાનું જ શીખવ્યું છે. કોઈ પણ વ્યક્તિ માટે પોતાના જીવનના કર્મો ત્યાગી દેવા અથવા સમય વેડફવો એ આખરે જીવનને બિનઉપયોગી બનાવવા જેવું જ છે. સૌથી મોટું યુદ્ધ એ જ છે જે શાંતિપૂર્વક તેમજ વગર લડાઈએ કરવામાં આવે. ભલે પછી લોકો કૃષ્ણને રણછોડ ક્રિષ્નાના નામથી પણ કેમ ન પુકારે! લાખો ચેતવણી આપવામાં આવી તેમ છતાં જો હક ના મળીને, સ્ત્રીનું પણ અપમાન ભોગવવા પડે તો યુદ્ધ કરવું પણ શ્રેષ્ઠ સાબિત કરનાર ક્રિષ્ણા જ છે.

આ કળિયુગમાં પણ જો કૃષ્ણા સાથે પોતાના જીવનની સમસ્યાઓની વાતો કરવી જ હોય તો શ્રીમદ્ ભાગવતગીતાનું વાંચન એક શ્રેષ્ઠ માર્ગ છે. ધર્મ શું, કર્મ શું, ક્રોધ પર વિજય કેવી રીતે કરવો, મોક્ષ શું આ બધું જ શ્રી કૃષ્ણએ આપણને જીવનમાં ભાગવતગીતાના રૂપે આપ્યું જ છે.

આજે કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે જો આપણે રાધાજીના ત્યાગને યાદ ન કરીએ તો ખરેખર કૃષ્ણ જન્મોત્સવ અધુરો ગણાય. જો રાધાજીએ કૃષ્ણને વિદાયના આપી હોત તો આજે આપણને કૃષ્ણ થકી ઘણુંબધું ના મળી શકત. રાધા શબ્દનો અર્થ જ સફળતા, સમૃદ્ધિ, પ્રેરણા થાય છે. જો રાધા નામના અર્થમાં જ આટલું ઘણું હોય તો કૃષ્ણનું જીવન કેવી રીતે સફળ ન બને. રાધાજીએ સદા પોતાના પ્રેમનું સુખ જોયું ભલે પછી તેમને વિરહ પણ કેમ ન સહવો પડ્યો હોય. જો કૃષ્ણને પામવા હોય તો રાધાને પામવું જરૂરી છે એટલે જ તો રાધાકૃષ્ણ ઉલેખાય છે.

લગ્ન કરવાથી પ્રેમ નથી થતો અને જ્યાં પ્રેમ અંતરઆત્માથી જન્મેલો હોય ત્યાં લગ્નનું બંધન અનિવાર્ય નથી હોતું.જીવનમાં આ શીખ પણ આપણે રાધાકૃષ્ણના પ્રેમથી શીખવા મળે છે.

ધિનલ એસ. ગાંવિત (વલસાડ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 345**
વિષય : જન્માષ્ટમી
શીર્ષક : કરુણાના સાગર
પ્રકાર :પદ્ય શબ્દો : ૧૧૦

ઓ મારા કાન્હા! કરુણાના સાગર,
જન્મ્યો તું જેલમાં વસ્યો તું ગોકુળમાં.
જન્મદાતા માબાપની છાંયા,
વિયોગી બની તારા બાળપણમાં.
નંદ બાબા યશોદા માતા,
હદયે સમાયા લાડ લડાવ્યા.
ગોપી ગોવાળિયાનો વ્હાલો તું કાનો,
રાધાના ઉરમાં શ્યામ શામળિયા.
વનરાવનની વાટ મેલીને,
ચાલ્યો તું દ્વારકા નગરી કાન્હા.
સોનાની નગરીનો રાજા તું કાના,
ભેદ ક્યાં તને રંક કે રાજા.
નિભાવી મિત્રતા ગરીબ સુદામા,
તારા હૈયાની કેવી મોટી વિશાળતા.
ગટગટાવી ઝેર પીધા તે મીરાના,
હૂંડી નરસ્યાંની સ્વીકારી શામળિયા.
વસ્ત્ર પૂર્યા તે દ્રૌપદી નારી,
દુષ્ટને હણ્યા ઓ વ્રજ વિહારી.
લાગણી વંદે, તારા શરણે શામળિયા,
તું કરુણાના સાગર ઓ નંદ લાલા.
હંસા ઝાલા "લાગણી"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : કૃષ્ણાયન
શીર્ષક : કૃષ્ણ યાદ આવે.
શબ્દો : ૫૧
લેખક/કવિ : શૈલેષ ભોઈ "શૈલ"

લાખોની ભીડ સામે, કૃષ્ણ યાદ આવે.
ક્યાંક એકલતાને ઠામે, કૃષ્ણ યાદ આવે.

બની દુશાસન બેઠી, સગળી આ દુનિયા,
ચીર પુરવાને કામે, કૃષ્ણ યાદ આવે.

ભાઈઓ થયા વેરી, ને સગા વ્હાલા વગે.
એવા ગોઝારા વિસામે, કૃષ્ણ યાદ આવે.

મુશ્કેલીમાં પીડિત, "શૈલ" હોય દુઃખી,
ત્યારે વૈદ્યને નામે, કૃષ્ણ યાદ આવે.

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 115**
વિષય : કૃષ્ણાયન
શીર્ષક : કૃષ્ણ-મીરા શબ્દો : ૮૯

ના ખુદ કો સવારની કી કોઈ ખ્વાહિશ..
ના તુઝે સવરે હુયે દેખની કી કોઈ ચાહત...
ના તુઝે સે મીલન કી કોઈ મજા...
ના તુઝ સે દૂર રેહને ની કોઈ સજા..
ના તુઝે યાદ કરને કી કોઈ વજહ..
ના તુઝે ભુલ જાને કા કોઈ બહાના..
★ના તેરી રાની બનને કા શોખ★
★★ના તેરી દાસી બનને કા ખોફ..★
હમ તો સીર્ફ તેરે નામ સે મોહબ્બત કરતે હે ★કાન્હા..★
★અગર કોઈ પુછે નામ હમારા★ ★ખુદ કો કૃષ્ણ કી મીરા કેહતે હે★ ★કાન્હા★ ..
યે કોનસી ડોર સે બાંધા હે તું ને
તુ સાથ ભી નહી ઓર મે આઝદ ભી નહી...
★કૃષ્ણ..કૃષ્ણ કરતે કરતે મે કૃષ્ણ મે હી ખો ગઈ★
★લાછન લગાવે જગ સારા ફીર ભી મે તેરી હો ગઈ કાન્હા★ ...

★વિદ્યા વિશાલ કંસારા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. : 174**
વિષય : કૃષ્ણમય
શીર્ષક : રૂક્ષ્મણીજીની દ્વિધા
પ્રકાર : પદ્ય શબ્દો : ૨૦૦

કહે છે કૃષ્ણ રાણી રૂક્ષ્મણીને,’તમે જાવો ગોમતીને પાર રે,
ઉતર્યા ત્યાં ઋષિ દૂર્વાશા એને ભોજન આપો અપાર.’
’ભોજન કેમ કરી આપીએ સ્વામી, મેધ આ અનરાધાર રે,
ગોમતીજીમાં પુર ઘણા માથે સાગર થયો અસવાર.
કેમ કરી સ્વામી જાઈએ,નથી નાવિક કે નથી નાવ રે,
દયા કરીને મારગ બતાવો તો જઈએ અમે તત્કાલ.’
મૃદુ હંસીને બોલ્યા સ્વામી સોળસે રાણીના નાથ રે,
’જઈ
ગોમતીજીને વિનવો,એવું કહે છે દીનાનાથ.
હોય જો કૃષ્ણ સદા બ્રહ્મચારી તો માર્ગ આપે તત્કાલ રે,’
શબ્દ સુણી હટયા ગોમતીજી,રોકી દીધો છે કાળ.

જમાડ્યા ઋષી દૂર્વાશાને થાળ આપી એક હજાર રે,
મૂંઝાયા રાણી રૂક્ષ્મણી કેમ જાવું દ્વારીકા મોજાર.
બોલ્યા ઋષી દૂર્વાશા ’કહેજો ગોમતીજીને આ વાત રે,
દુર્વાશા આજીવન ઉપવાસી તો માર્ગ આપે તત્કાલ.’
જોઈ અચંબો પામ્યા રૂક્ષ્મણી છે આતે કેવી ભરમાળ રે,
એક ભોગી એક આરોગી તોયે ભૂખ ના ભોગ લગાર.

’સ્વામી અમારી દ્વિધા ટાળો ના સમજયે અમે આ અવતાર રે,
ઉપવાસી ને બ્રહ્મચારીનો આ કેવો રે સાર.’
દ્વિધા સુણી કેશવ બોલ્યા, આપ્યો કર્મ તણો ઉપદેશ રે,
’કર્મ કરો,પણ પર રહો એજ છે અમારો ઉપદેશ.
આ તન થકી આત્મ જુદો એમ સમજશો વારંવાર રે,
કર્મ નહિ ત્યારે અડકે ને થઈ જાશો આ ભવપાર.’
રાખો હૃદયમાં કૃષ્ણને કરો કર્મ તમે અપાર રે,
’શાંતિ’ કહે ’તો નહિ રહે કર્યા કોઈ કર્મનો ભાર.’
- શાંતિલાલ કાશિયાણી ’શાંતિ’ ( ધ્રોલ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.: 170**
વિષયઃ કૃષ્ણમય
શીર્ષકઃ કોને ચહું ?!!
પ્રકારઃ અછાંદસ ગદ્ય
શબ્દોઃ ૧૦૪

જે માખણચોર છે તે કૃષ્ણને ચહું કે -
જે દ્રોપદીના ચીર પુરે તે કૃષ્ણને વંદુ !
ગોપીઓની મટકી ફોડતાં કૃષ્ણને ચહું કે -
ગોવર્ધનને આંગળીએ ઉપાડતાં કૃષ્ણને વંદુ !
વાંસળી વગાડતા મલકાતા કૃષ્ણને ચહું કે -
સુદર્શન ચડાવી મરકતા કૃષ્ણને વંદુ !
ગોપીઓના ચીરહરણ કરનારને વંદુ કે -
કુબ્જાને સજ્જા (સુન્દર) બનાવનારને વંદુ !
રાધાનો ત્યાગ કરનાર કૃષ્ણને ચહું કે -
રુકમણીનું હરણ કરી તેને વરનાર કૃષ્ણને વંદુ !
મહાભારતના સારથી કૃષ્ણને ચહું કે -
પારધી તીરે વીંધાઈ જનાર કૃષ્ણને વંદુ !
જે સૌમાં સમાઈ રહ્યો છે એ કૃષ્ણને હું ચહું -
જે મારામાં જ રમી રહ્યો છે તે કૃષ્ણને હું તો વંદુ !

-- વિનયકુમાર મહેતા ‘‘વીનુ’’
(મ.શિ.)
દાંતી માધ્યમિક શાળા દાંતી
તા. જલાલપોર. જી.નવસારી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
પ્રકાર - પદ્ય શબ્દ : ૧૩૮
વિષય : કૃષ્ણ...
શીર્ષક : બીજું કોઈ કરી ના શકે.........

આમ જુવો તો સકલ સૃષ્ટિ ના દુઃખ કોઈ હરી ના શકે,
એ શ્રીકૃષ્ણ સિવાય જગતમાં બીજું કોઈ કરી ના શકે.

એ ધારે તો રાસ રચાવે, એ ધારે તો મહાભારત કરાવે,
નટખટ નંદ કિશોર એના જેવા ખેલ કોઈ રચી ના શકે.

પાંડવો ને રાજ અપાવે ને કોવરવો નો વિનાશ કરાવે,
ઉત્તમ રાજનીતિ ને કુશળ ફૂટનીતિ કોઈ ઘડી ના શકે.

એક કર સોહવે વાંસળી ને બીજો કર ધારણ કરે ચક્ર,
ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ને કોઈ ધરી ના શકે.

યુદ્ધની રણભેરીના નાદ વચ્ચે ગીતા અર્જુન ને સંભળાવે,
કર્મ ને ધર્મ સમજાવી મનુ ના વિષાદ ને કોઈ ઠારી ના શકે.

ગોપીઓના વસ્ત્રો હરે ને દ્રોપદીના ચિર પુરે કોરવ સભામાં,
સગાળશાની હૂંડી ને કુંવર બાઈનું મામેરું કોઈ ભરી ના શકે.

"મિત્ર" એને જગત ને બતાવી દીધું કે કર્મ કદી છોડતું નથી,
નહીતર બ્રહ્માંડને ગળી જનારો એક તીરથી મરી શકે નહી.
વિનોદ સોલંકી " મિત્ર " લખતર.

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ’લખપતી દીદી’ કાર્યક્રમ યોજાયો

પાટનગર સંદેશ ◦ ગાંધીનગર

ગ્રામીણ મહિલાઓને સ્વ સહાય જૂથના માધ્યમથી આત્મનિર્ભર અને લખપતી બનાવવાના ઉદ્દેશ્યથી કાર્યરત ‘રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન‘ અંતર્ગત ગાંધીનગર જિલ્લા ખાતે સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયેલા ‘લખપતી દીદી‘ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લામાં કાર્યરત સ્વ સહાય જૂથોની ૧૧ મહિલાઓને મંચ પર ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જિજ્ઞાસા વેગડાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો તથા સ્વ સહાય જૂથોની ૫૦૦ જેટલી મહિલાઓએનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. અને વડાપ્રધાનશ્રીનો વર્ચ્યુઅલ કાર્યક્રમ નિહાળ્યો હતો. સખી મંડળ અંતર્ગત સફળતા મેળવનાર એવી બહેનો જે અન્ય માટે પ્રેરણા રુપ બની છે તેમને પણ આ પ્રસંગે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

ગાંધીનગર જિલ્લાના જુદા - જુદા તાલુકાના સ્વ સહાય જૂથોને કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, સીસી લોન, રિવોલ્વીંગ ફંડ, સ્ટાર્ટ અપ

**મહાનુભાવોના હસ્તે સ્વ સહાય જૂથની બહેનોને ચેક વિતરણ કરવામાં આવ્યુ**
.............
**મહિલા સહાયતાની ઉત્કૃષ્ટ કામગીરી બદલ મંડળ પ્રતિનિધિઓને પ્રશસ્તિપત્ર દ્વારા સન્માનિત કરાયા**
............
**ગાંધીનગર જિલ્લાના સ્વ સહાય જૂથોને વિવિધ સહાય અંતર્ગત રુ. ૩ કરોડથી વધુ રકમના ચેકનું વિતરણ**
..........
**રાષ્ટ્રીય ’ગ્રામીણ આજીવિકા મિશન’ સ્વ સહાય જૂથની મહિલાઓની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો**

ફંડ સહિત વિવિધ સહાય અંતર્ગત રુપિયા ૩ કરોડથી વધુની રકમ સહાય રુપે આપવામાં આવી હતી.જેનો હેતુ આ રકમના ઉપયોગ થકી બહેનોની પ્રગતિમાં વેગ લાવી વધુ સફળ બનાવવાનો છે.

આ પ્રસંગે બહેનોને સંબોધન કરતા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, સંઘર્ષ કરીને સફળતા




મેળવી રહેલી મહિલાઓ માટે આ સહાય વરદાન રુપ છે.દેશના પ્રધાનમંત્રી જયારે મહિલાઓ માટે આટલા ચિંતિત હોય ત્યારે સરકાર દ્વારા અમલી થયેલી મહિલાલક્ષી યોજનાઓનો લાભ લઈ વધુને વધુ પ્રગતિ કરતા રહી, પ્રધાનમંત્રીશ્રીના સ્વપ્નને સાકાર કરવામાં સહયોગી બનવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

આ અવસરે ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપનીના મેનેજિંગ ડિરેકટર શ્રી મનિષ બંસલ, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી



મેહુલ દવે, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પા બેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, જી. એલ. પી. એસના સંયુક્ત મેનેજીંગ ડિરેક્ટર શ્રી શોભના વર્મા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જે પટેલ તથા ટી.ડી.ઓશ્રી મલય ભુવા સહિત ગ્રામ વિકાસ એજન્સીના અધિકારી, કર્મચારીઓ, સખી મંડળના મહિલાઓ અને ‘લખપતી દીદી‘નું સન્માન પ્રાપ્ત કરનાર સખી મંડળની મહિલાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ આહવા થી પાંચ કિલોમીટર ના અંતરે લશ્કરીયા ગામમાં હોટલનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું છે



**તે નજરે પડી રહ્યું છે તો શું ફોરેસ્ટ વિભાગમાં આવે છે કે પછી ગ્રામ પંચાયતમાં તો કયો વિભાગ જવાબદારી લેશે કે પછી બધા મૌની બાબા....?**

આહવા-ડાંગ

ડાંગ આહવા તરફથી મળતી માહિતી મુજબ ડાંગ જિલ્લાના લશ્કરીયા ગામમાં કોઈક વ્યક્તિ હોટલ ની કામગીરી કરવામાં આવી રહી છે એવી લોકોમાં ચર્ચાનો વિષય થઈ રહ્યો છે તો સુ કોઈના નજર મા કેમ ના આવ્યું અધિકારી મિત્રો ત્યાંથી ડોન તો ગયા જ હશે ને કે પછી આંખ બંધ કરી ને ગયા હશે...?આ કામ ચાલતું હતુ ત્યારે ફોરેસ્ટ વિભાગનાં અધિકારીઓને જાણ કરવામાં આવી હતી એવું લોકો વતી જાણવા મળ્યું કે અમારા ગામમાં ગેરકાયદેસર બાંધકામ ચાલી રહ્યું છે ત્યારે એવું જાણવા મળ્યુ કે આતો સેડનું બાંધકામ થઈ રહ્યુ છે હોટલ નું નથી કે પછી અધિકારીઓનો પણ આમાં ભાગીદારી તો નથી ને ....? કારણકે અત્યારે તો આખા ડાંગમાં રિસોર્ટ બનાવવામાં આવી રહયા છે તો અમારૂ કોણ બગાડી શકશે એવું માની રહયા છે સુ ગ્રામ પંચાયત ની પરવાનગી લેવામાં આવી છે ..? કે ફોરેસ્ટ વિભાગ ની પરમિશન લેવામાં આવી છે કે બંને ની મિલીભગત તો નથી ને ...? કદાચ એવું પણ હશે કે મિલીભગતથી આ કામ થયેલ છે. ફોરેસ્ટ વિભાગ ના અધિકારીઓ આ હોટલનાં બાંધકામ બાબતે જાણતા હોય તો કેમ કાંઈ કર્યું નથી. કોઈ ફોરેસ્ટ વિભાગ ના અધિકારીઓ દ્વારા તપાસ કેમ કરવામાં આવી નથી. સા કારણે સ્થળ મુલાકાત લીધી નથી.?ગ્રામ પંચાયત અને ફોરેસ્ટ વિભાગ ની મિલીભગત નું ઉત્તમ ઉદાહરણ એટલે લશ્કરીયા ગામે હોટેલ કે સેડનું બાંધકામ ખરુંને....?

લોકોમાં ચર્ચા નો વિષય

આ ચાલુ થશે જ કોઈ અટકાવશે નહિ આ બાંધકામ.

# સમગ્ર રાજ્યમાં વ્યાપક વરસાદ પાછલા ૨૪ કલાકમાં વરસ્યો છે.

● ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વલસાડ, તાપી, નવસારી, સુરત અને નર્મદા તેમજ પંચમહાલ જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો છે.

● મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે વરસાદ પ્રભાવિત આ જિલ્લાઓના કલેકટરશ્રીઓ સાથે ટેલીફોનીક વાતચીત કરીને સમગ્ર સ્થિતિની વિગતો મેળવી હતી.

● મુખ્યમંત્રીશ્રીએ આ સાતેય જિલ્લાઓમાં નીચાણવાળા વિસ્તારના લોકોના સલામત સ્થળે સ્થળાંતર કરવા સાથે જાનમાલ, પશુધન વગેરેની સલામતી માટેના પ્રબંધન અંગે પણ સૂચનાઓ આપી હતી.

● મુખ્યમંત્રીશ્રીએ વરસાદ પ્રભાવિત વિસ્તારોમાં જરૂર જણાયે જીઢઈહ્વ-દ્ગઢઈહ્વ ની ટીમની મદદ માટે પણ ખાતરી આપી હતી.

● દરમિયાન રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા પ્રાપ્ત વિગતમાં જણાવવામાં આવ્યું છે કે, આજે સવારે ૬ થી ૮ વાગ્યા સુધીમાં સૌથી વધુ વરસાદ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં ૬૪ મી.મી. થયો છે.

●છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ ૩૨૬ મી.મી. વલસાડના વાપીમાં નોંધાયો છે.

# બરડીપાડા ફોરેસ્ટ નાકા પાસે ટ્રકની અંદર ભાતના પુળીની વચ્ચે સંતાડી જતાં સાગી લાકડા સાથે એક ઝડપાયો

આહવા-ડાંગ

ડાંગ ઉતર વન વિભાગ હસ્તકના બરડીપાડા વન વિભાગની ટીમે બાતમી ના આધારે આજ રોજ ટ્રક નં.જી.જે.૧૬ એક્સ.૮૩૧૬ ને અટકાવી તેમાં તપાસ કરતા ટ્રક માં ભાતની પૂળી ની આડમાં સંતાડેવા માં આવેલા સાગી લાકડા નંગ.૬ જેની કીમત રૂપિયા ૬૯૯૧=૦૦ રૂપિયા તેમજ ટ્રક કિંમત રૂપિયા ૭.૫૦.૦૦૦=૦૦ તેમજ ભાતના પુળીયા ની કિંમત રૂપિયા ૩૦.૦૦૦ =૦૦ કુળ કિંમત મળી ને રૂપિયા ૭.૮૬.૯૯૧=૦૦ નો મુ?દામાલ સાથે ઝડપી પાડી ટ્રક ચાલક અને લાકડા ચોર મહેન્દ્ર રમણન ગધ્યા રહે.ઢોગીયાઆંબા તા.સુબીર જિ.ડાંગ ની અટક કરી ગુનો નોંધી આગળ ની તપાસ વન વિભાગે હાત ધરી હતી.

૧.એક સવાલ થઈ રહ્યો છે કે શુ ટ્રક ચાલક એકલો હતો..?

૨.કોઈક તો સાથીદાર હોવો જ જોઈએ....?

૩.કે પછી ફોરેસ્ટ વાળા ની સંડોવણી તો નથી ને....?

૪.બંધી જ જગ્યા એ ભાગી કઈ રીતે જાય છે કે છોડી મુકવામાં આવે છે....?

૫.ટ્રક નો માલિક કોણ છે તેની તપાસ કરવામાં આવી છે કે નહીં...?

૬.ક્યાં આ લાકડા નો જથ્થો લઈ જવામાં આવનાર હતો તેની તપાસ કરવામાં આવશે કે પછી.....?

૭.તપાસ બાદ કઈ કામગીરી કરવામાં આવશે કે પછી....?

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષાનું મહત્ત્વ

'વટથી ગુજરાતી' કાર્યક્રમમાં માતૃભાષા મારી ગુજરાતીનું મહિમાગાન થયું.

શ્રી સાંઈરામ દવે, શ્રી તુષાર શુક્લ, શ્રી હર્ષદ શાહ, શ્રી શ્યામલ - સૌમિલ મુનશી અને શ્રીમતી આરતી મુનશી તથા શ્રી અભેસિંહ રાઠોડ દ્વારા ગુર્જરગાન થયું.

૨૧ મી ઑગસ્ટે ભરૂચની ધરતી ઉપર સૂર્યનાં તેજસ્વી કિરણો માતૃભાષાનું ગૌરવગાન અને અભિષેક કરતાં ઊતરી આવ્યાં અને ભૃગુકચ્છની આ ધરતી પર તેનો મહિમાગાન વિહાર થયો. આ માટે ગુર્જરધરાનાં રત્નો શ્રી સાંઈરામ દવે, શ્રી તુષાર શુક્લ, શ્રી હર્ષદ શાહ તથા જેમણે 'વટથી ગુજરાતી'નું અભિયાનનો મહિમા ગાન શરૂ કર્યો છે તેવા સંગીતજ્ઞ શ્રી શ્યામલ મુનશી, શ્રી સૌમિલ મુનશી, શ્રી અભેસિંહ રાઠોડ અને શ્રીમતી આરતી મુનશી જેઓ ઝળહળી ઉઠ્યાં અને ભરૂચની તપોભૂમિમાં વિદ્યાની ઉપાસના કરનાર શિક્ષકો, આચાર્યો કે જેઓ ૪૭૦૦ જેટલી વિશાળ સંખ્યામાં સભાગૃહમાં ઉપસ્થિત રહ્યા અને સવારના ૧૦ વાગ્યાથી તે સાંજના પાંચ વાગ્યા સુધી ગુજરાતી માતૃભાષાના અભિયાન માટે તેનાં જતન અને સંવર્ધન માટે તેના ગૌરવને અકબંધ રાખવા કટિબદ્ધ થયા હતા. કલાકારોએ પીરસેલી કલા અને ભાષાની મીઠાશ અને માધુર્યનો મધુપર્ક ચોમેર અનુભવાયો. માતૃભાષાના આ ગૌરવવંતા સાહિત્યકારો, કલાકારોએ શિક્ષકો સમક્ષ પ્રેમરસ રૂપે ગુજરાતી શબ્દો, ગીતો અને પ્રસંગોનો પ્રવાહ વહાવ્યો.

આ કાર્યક્રમ ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી અને જિલ્લા પંચાયત ભરૂચ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચેરી તથા માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે આયોજિત થયો હતો. જિલ્લાના નવેનવ તાલુકાના તમામ શિક્ષકો અને આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. ભરૂચ જિલ્લા સમાહર્તા શ્રી તુષાર સુમેરાએ પણ પોતાની હાજરી આપીને સૌને પ્રોત્સાહિત કર્યા હતા. ભરૂચ જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રશાંત જોશીસાહેબ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી શ્રીમતી સ્વાતિબા રાઓલ, પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી શ્રી સચીન શાહ અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ભરૂચ જિલ્લા સંયોજક ડો. મહેશ ઠાકર દ્વારા 'કુંવરબાઈનું મામેરુ' પછીનો આ સૌથી મોટો કાર્યક્રમનું આયોજન માતૃભાષાની પ્રતિષ્ઠા માટે કરવામાં આવ્યું.

ભરૂચના બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતેના વિશાળ સભાગૃહમાં કલા અને ભાષાનો મહાસંગ્રામ માણવા માટે સૌ આતુર હતા.

સવારે ૧૦.૩૦ સુધી રજિસ્ટ્રેશન કરાવ્યા પછી સૌ શિક્ષકોથી ચિક્કાર ભરાયેલ સભાગૃહમાં એક પણ ખુરશી ખાલી ન હોતી તેથી આજુબાજુના પેસેજ ઉપરના માળે ખુરશી, ગાદલા ગોઠવીને પણ તેમાં બેસવાની વ્યવસ્થા કરવામાં આવી. શિસ્તબદ્ધ રીતે ટાંકણી પણ પડે ને અવાજ સંભળાય એટલી નીરવ શાંતિમાં આખો દિવસ કાર્યક્રમ ચાલ્યો.

સૌથી પ્રથમ પ્રાર્થના, સ્વાગતવિધિ અને શ્રીમતી સ્વાતિબા રાઓલનું ઉદ્બોધન થયું. તેમનો માતૃભાષા પ્રત્યેનો ગજબનો પ્રેમ છે. તેઓ શુદ્ધ ગુજરાતી ભાષામાં અદ્ભુત પકડ ધરાવે છે જે બાબત ધ્યાનાકર્ષક રહી. શાળાના શિક્ષકોની પ્રાર્થના 'સદાકાળ ગુજરાત' પણ ખૂબ હૃદયસ્પર્શી રહી.

આ પછી કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી સાંઈરામ દવેએ નર્મ મર્મ હાસ્ય સાથે શિક્ષક સ્વભાવને પ્રગટ કરી માતૃભાષા પ્રત્યેની નિસબતને



વ્યક્ત કરી હતી. ઉપરાંત શિક્ષકોને પોતાના કર્તવ્યનો બોધ કરાવતાં તેમણે તેમની માર્મિક શૈલીમાં શિક્ષકનાં ગુણ-લક્ષણો ઉપર હળવે હળવે ફૂંકી ફૂંકીને હસાવતા જઈ નૈતિકતા અને કર્તવ્યભાવનાનો સાદ કર્યો હતો. દિશાહીન વિચારો સાથે જીવતા અને શિક્ષણની બુઠ્ઠી ધાર જેવા બની રહેલા કર્તવ્યવિમુખ બનેલા શિક્ષકોને ઢંઢોળ્યા હતા. વટથી ગુજરાતી કાર્યક્રમમાં વટ અને ખુમારીના ભાવ જગાડ્યા.

તરતના બીજા સત્રમાં, ગુજરાતમાં જેણે 'વટથી ગુજરાતી'નું અભિયાન શરૂ કરી ગુજરાતીની પૂજાઅર્ચના શરૂ કરી છે તેવાં શ્યામલ મુનશી, સૌમિલ મુનશી અને આરતી મુનશીએ બે વાગ્યા સુધી સૌનાં હૃદય ગુજરાતી ભાષાનાં બાળગીતો અને જોડકણાંથી ભીંજવી દીધાં હતાં. તેમણે કક્કા ગઝલ ગીત, જોડણીગીત અને ગુજરાતી ગીતોની રમઝટ જમાવી. ગુજરાતી બાળસાહિત્યનાં જાણીતાં પાત્રો બકોર પટેલ, છકો-મકો, મિયાં ફૂસકી વગેરેને યાદ કર્યાં. સંગીતની દુનિયામાં આ પરિવારે ૫૦ વર્ષ સતત યોગદાન આપ્યું અને હવે સ્વને બદલે સમષ્ટિ માટે ગુજરાતી માતૃભાષા માટે જ સંગીતનો સૂર વહેતો રાખવો એવા ઉમદા સંકલ્પને પણ એમણે પ્રગટ કર્યો.

બપોરના ભોજન પછી ત્રણ વાગ્યે ત્રીજું સત્ર શરૂ થયું, જેમાં ગુજરાતના જાણીતા કવિ સાહિત્યકાર શ્રી તુષાર શુક્લજીએ માતૃભાષા અને સાહિત્યના મહિમાને પોતાની આગવી અદાથી રજૂ કર્યો.

તેમના પછી બપોરના છેલ્લા સત્રમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ શ્રી હર્ષદ શાહસાહેબે માતૃભાષામાં લોકો ઉચ્ચાર કેટલા ખોટા કરે છે તે રસપ્રદ ઉદાહરણોથી સમજાવ્યું. માતૃભાષાના કાર્યમાં જોડાવાની અને કાર્ય કરવાની હાકલ કરી હતી અને સાંજે પાંચ વાગ્યે જિલ્લાના સમાહર્તા શ્રી તુષાર સુમેરા સાહેબના વક્તવ્ય સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

વૃત્તલેખન :

--------------

ડૉ. મહેશભાઈ ઠાકર

સંયોજક માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ભરૂચ

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની જલગાંવ (મહારાષ્ટ્ર) ખાતેથી વર્ચ્યુલ ઉપસ્થિતિમાં 'લખપતિ દીદી' કાર્યક્રમ યોજાયો



માહિતી બ્યુરો, બોટાદ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જલગાંવ (મહારાષ્ટ્ર) ખાતેથી વર્ચ્યુલ ઉપસ્થિતિમાં 'લખપતિ દીદી' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં લાખપતિ દીદીઓને પ્રમાણપત્રો એનાયત કરી વડાપ્રધાનશ્રી દ્વારા મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા પર ભાર મૂક્યો મૂકવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે દેશની પ્રગતિ માટે બહેનોની આર્થિક તાકાત જરૂરી છે. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં બહેનોને સાતમ આઠમના પાવન પર્વ પર વિવિધ સહાય વિતરણ તેમજ લખપતિદીદીને પ્રમાણપત્ર મારફત સન્માનિત કરવામાં આવ્યા હતા. બોટાદ ખાતે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના ઓડીટોરિયમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જેઠીબેન પરમારના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

આ અવસરે ગઢડાના ધારાસભ્ય મહંતશ્રી શંભુપ્રસાદજી ટુંડીયાએ જણાવ્યું હતું કે, "કેન્દ્ર અને રાજય સરકાર સ્ત્રી સશક્તિકરણ માટે સતત પ્રયત્નશીલ છે. નારીના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રી મારફત રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (દ્વઈન્સ) મિશન મંગલમ યોજના અમલીકૃત છે. આ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના કરી બહેનોને સંગઠિત કરવામાં આવે છે. તે બહેનોને નાની નાની બચત કરાવી, બહેનો બચતના મૂલ્યને સમજી શકે તે માટે મિશન મંગલમ યોજના હેઠળ બહેનોને કૈશાલ્ય વર્ધન તાલીમ, સી.આઈ.એફ ફંડ અને સી.સી.લોન મારફત નાણાકીય સહયોગ પૂરો પાડી ખેતી, પશુપાલન, નાના ઉદ્યોગ મારફત આજીવિકા વૃદ્ધિ માટે મોટા પ્રમાણમાં કામગીરી ગ્રામ્ય વિસ્તારમાં થઇ રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાનિર્દેશમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (દ્વઈન્સ) મિશન મંગલમ યોજના હેઠળ લખપતિ દીદી પહેલ હેઠળ ગ્રામ્ય વિસ્તારની સ્વસહાય જૂથની બહેનોને જરૂરી તાલીમ, નાંણાકીય સહયોગ પૂરો પાડી આવક વૃદ્ધિ થાય અને જેમની વાર્ષિક આવક ૧ લાખ કે તેથી વધારે થાય તેવી વિશેષ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી છે." તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ૧૫ જેટલા સ્વસહાય જૂથોની×લખપતિ દીદી× ને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત વિધિ ડી.આર.ડી.એ. નિયામકશ્રી પટેલ દ્વારા અને આભારવિધિ એન.આર.એલ.એમ.ના શ્રી ગ્રીષ્મબેન દેવમુરારી દ્વારા કરવામાં આવી હતી.આ વેળાએ જિલ્લા વિકાસ અધકારીશ્રી અક્ષય બુડાનીયા સહિતના અધિકારીશ્રીઓ તેમજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી મંજુલાબેન બારૈયા, શ્રી પાલજીભાઈ પરમાર સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કપડવંજમાં ૫ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ



નડિયાદ : ખેડા જિલ્લામાં શુક્રવાર બાદ શનિવારે પણ વરસાદ પડવાનો ચાલુ રહ્યો હતો. જિલ્લાના ૧૦ તાલુકામાં સરેરાશ બે ઈંચ વરસાદ નોંધાયો છે. સૌથી વધારે કપડવંજમાં પાંચ ઈંચ ઉપરાંત વરસાદ થયો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. આ તરફ નડિયાદ શહેરમાં બે ઈંચ વરસાદથી નીચાણવાળા વિસ્તારો અને ગરનાળા પાણીથી તરબોળ થઈ ગયા છે. છેલ્લા બે દિવસથી ખેડા જિલ્લા સહિત મધ્ય ગુજરાતમાં સારો વરસાદ થતા વાત્રક સહિતની નદીઓમાં નવા નીરની આવક થઈ છે.

ખેડા જિલ્લામાં આજે ફરી દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. આ સિવાય કપડવંજ, કઠલાલ, નડિયાદ, મહુધા અને ઠાસરામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. શુક્રવારે અનેક તાલુકાઓમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા, ત્યારે શનિવારે પણ અનેક તાલુકાઓમાં સૂર્યદેવના દર્શન દુર્લભ થઈ ગયા હતા. આખો દિવસ વાદળોના ઘેરાવા વચ્ચે ધીમીધારે વરસાદ ચાલુ રહ્યો હતો. આ તરફ કપડવંજમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વહેલી સવારે ૬થી ૮ વાગ્યાના બે કલાકના અરસામાં જ ૪ ઈંચ જેટલો વરસાદ પડયો હતો. કઠલાલમાં સવારે ૮ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીના ૨ કલાકના સમયમાં પોણા બે ઈંચ વરસાદ થયો હતો. વહેલી સવારે મોટાભાગના તાલુકાઓમાં વરસાદે ધડબડાટી બોલાવી હતી.

કપડવંજમાં પાંચ ઈંચ વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. તો નડિયાદમાં ૨ ઈંચ વરસાદ પડતા આખો દિવસ અનેક નીચાણવાળા વિસ્તારો અને ચારેય ગરનાળા વરસાદી પાણીથી જળબંબાકાર થઈ ગયા હતા.

નડિયાદ શહેરમાં વરસેલા વરસાદના કારણે માઈ મંદિર, ખોડિયાર, શ્રેયસ અને વૈશાલી અન્ડરબ્રીજમા પાણી ભરાતા શહેર બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. અને પૂર્વથી પશ્ચિમ તરફનો વાહનવ્યવહાર ખોરવાયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.